સમજુ નાગરિકો જરા વિચારે

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# આ સરકારના હૈયે સર્વ ગુજરાતીઓનું હિત વસેલું છે.

# → અનામત વિશે આટલું જાણીએ ←

- સર્વોચ્ચ અદાલતના ૧૯૯૨ના આદેશ અનુસાર ભારત દેશના કોઇ પણ રાજ્યમાં ૫૦ ટકા કરતાં વધુ અનામત રાખી કે આપી શકાય નહીં.
- ગુજરાત રાજ્યમાં હાલ બક્ષીપંચ (OBC) ૨૭ ટકા અનામત, અનુસૂચિત જનજાતિ માટે ૧૫ ટકા અને અનુસૂચિત જાતિઓ માટે ૭ ટકા અનામત પ્રથા અમલી છે.
- ભારતીય બંધારણના આર્ટિકલ ૩૪૦ની જોગવાઇ અને નામદાર સુપ્રિમ કોર્ટના વર્ષ ૧૯૯૨ ના ચુકાદા પછી OBC ની જાતિઓ નક્કી કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સ્તરે અલગ અલગ "કાયમી અન્ય પછાત વર્ગ આયોગ" (OBC Commission)ની રચના કરવામાં આવેલ છે.
- ગુજરાતમાં વર્ષ ૧૯૯૪થી કાયમી OBC કમિશનની રચના થયેલી છે. હાલમાં ગુજરાતની ૧૪૬ જાતિઓનો OBC તરીકે નક્કી થયેલ છે.
- સામાન્ય રીતે કોઇ પણ જાતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (SEBC/OBC) વર્ગનો દરજ્જો મેળવવા જે-તે રાજ્યના OBC કમિશનને અરજી કરવાની હોય છે તે આધારે OBC કમિશન દ્વારા સર્વે પછી તેની હકારાત્મક ભલામણ હોય તો કોઇ જાતિને રાજ્ય સરકાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ જાહેર કરી શકે છે.

આમ, કોઇ પણ જાતિનો OBC/SEBC માં સમાવેશ કરવા માટે નિયત કાયદાકીય પ્રક્રિયા અનુસરવી અનિવાર્ય છે, પરંતુ તેમ ન થવાને કારણે...

- રાજસ્થાન સરકારે ગૂર્જર સમાજને આપેલ અનામતને વડી અદાલતે અટકાવી.
- કેન્દ્રની યુ.પી.એ. સરકારે જુદા જુદા નવ રાજ્યોની જાટ જાતિ માટે જાહેર કરેલ અનામતને સર્વોચ્ચ અદાલતે રદ કરી.
- આંધ્રપ્રદેશ સરકારે મુસ્લીમ સમાજને આપેલ અનામતને વડી અદાલતે રદ કરી.
- મહારાષ્ટ્ર સરકારે મરાઠા જાતિને આપેલ અનામતને વડી અદાલતે રદ કરી.

**તેમ છતાં,**
**ગુજરાત સરકારે મંત્રી મંડળના સાત મંત્રીશ્રીઓની સમિતિ રચી સમાજના કોઇ પણ વર્ગને અન્યાય ન થાય તેની કાળજી લેવાની પહેલ કરી છે.**

## દેશના બંધારણની જોગવાઇઓને અનુસરવાની સરકાર અને પ્રત્યેક નાગરિકની ફરજ છે.

આપણી સરકારનો અભિગમ રહ્યો છે, સૌનો સાથ, સૌનો વિકાસ

માહિતી ૨૦૧૫-૧૬ (૨૦-૧)

**આવો, સામાજિક સમરસતા જાળવીએ, સહિયારા પ્રયાસો અને સંવાદિતા થકી ગુજરાતને વધુ ગતિશીલ બનાવીએ...**

... ગુજરાત સરકાર દ્વારા જનહિતાર્થે .......

Visit *http://www.gujaratinformation.net* | *www.facebook.com/gujaratinformation.official* | *www.twitter.com/infogujarat*